# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-07-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે સહકારી આગેવાનોને પારદર્શકતા, ટેકનોલોજી અને સભાસદોના હિતને કેન્દ્રમાં રાખવા અનુરોધ કર્યો
2. અગરિયાઓને સહકારી પ્રવૃત્તિમાં જોડવાના હેતુથી આજે કચ્છ મીઠા ઉત્પાદક સહકારી મંડળીની શરૂઆત
3. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ રાજકોટ જિલ્લાના ઉપલેટામાં નવા ચૂંટાયેલા સરપંચો સાથે સંવાદ કર્યો
4. રાજ્યમાં માર્ગ અકસ્માત અને ડૂબી જવાની વિવિધ ઘટનાઓમાં 8 લોકોના મોત
5. દક્ષિણ ગુજરાતમાં આજે ધોધમાર વરસાદ સાથે રાજ્યમાં ચોમાસું જામ્યું- આજે 176 તાલુકામાં મેઘમહેર

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH ANAND

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે સહકારી આગેવાનોને પારદર્શકતા, ટેકનોલોજી અને સભાસદોના હિતને કેન્દ્રમાં રાખવા અનુરોધ કર્યો. સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિતે આણંદમાં યોજાયેલા સહકાર સંમેલનમાં શ્રી શાહે કહ્યું, દેશના આર્થિક વિકાસમાં સહકારી મંડળીઓનું મહત્વનું યોગદાન છે. અમૂલ ડેરીના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરતા શ્રી શાહે સહકારી પ્રવૃત્તિને પાંચ ‘P’ સાથે દેશવ્યાપી વિસ્તારવાનું આહવાન કર્યું.

**(બાઇટ: અમિત શાહ - FIVE ‘P’)**

કાર્યક્રમ દરમિયાન શ્રી શાહ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમૂલ ડેરીના ચોકલેટ, દૂધ, દહી અને મોઝરેલા ચીજના એક્સટેન્શન પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. અગિયારોને સહકારી પ્રવૃત્તિમાં જોડવાના હેતુથી આજે કચ્છ મીઠા ઉત્પાદક સહકારી મંડળીની શરૂઆત થઈ છે. GCMMFના વાઇસ ચેરમેન અને કચ્છ સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલને આ સંસ્થાની જવાબદારી સોંપાઈ છે. ત્યારે શ્રી શાહે કચ્છ મીઠા ઉત્પાદક સહકારી મંડળીનું નોંધણી પત્ર એનાયત કર્યું હતું.

**(બાઇટ: અમિત શાહ - SALT SOCIETY)**

શ્રી શાહે ઉમેર્યું આજે દેશમાં 8 લાખ 40 હજારની વધુ મંડળીમાં 31 કરોડ સભાસદો જોડાયેલા છે. રાજ્યમાં 36 લાખ મહિલાઓ પશુપાલન થકી દૂધ ઉત્પાદન કરે છે.

**(બાઇટ: અમિત શાહ - MILK PRODUCTION)**

કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ઈ-કો-ઓપરેટિવ પોર્ટલ દ્વારા મંડળીઓની નોંધણી, ઓડિટ અને રિપોર્ટિંગ ઓનલાઈન કર્યું છે, જેનાથી પારદર્શકતા અને કાર્યક્ષમતામાં વધારો થયો છે.

. . . . . . . . . . .

# MANSUKH MANDVIYA VISIT

રાજ્યની ત્રણ દિવસની મુલાકાતના અંતિમ દિવસે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે રાજકોટના ઉપલેટામાં નવા ચૂંટાયેલા સરપંચો સાથે સંવાદ કર્યો હતો. આ દરમિયાન શ્રી માંડવિયાએ ગોરસ કાર્યાલય ખાતે પોતાના લોકસભા વિસ્તારના પ્રશ્નો સાંભળ્યા હતા.

ગઇકાલે તેમણે ઉપલેટા તાલુકામાં ભાયાવદરના સરદાર પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે અંદાજે 10 કરોડ 50 લાખ રૂપિયાના વિકાસકાર્યોના ઈ-ખાતમુહૂર્ત કર્યા હતા. તેમણે પોરબંદર શહેરમાં માર્ગ અને મકાન વિભાગના અંદાજે 12 કરોડ 80 લાખ રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું.

. . . . . . . . . . .

# ACCIDENT DEATH

રાજ્યમાં માર્ગ અકસ્માત અને ડૂબી જવાની વિવિધ ઘટનાઓમાં 8 લોકોના મોત થયા છે.

પાટણ જિલ્લાના રાધનપુર નજીક સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. રાધનપુર-મહેસાણા માર્ગ પર ટ્રક અને રિક્ષા વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો.

મહીસાગર જિલ્લાના લુણાવાડા-ગોધરા ધોરીમાર્ગ પર જોખા ગામ પાસે બાઇક અને કાર વચ્ચે અકસ્માતમાં પિતા-પુત્રનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.

આ સિવાય મહેસાણાના મોટપ ચોકડી નજીક બે ટ્રેલર અથડાતા બે લોકોનાં મોતના અહેવાલ છે. જ્યારે તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકામાં તાપી નદીમાં બે લોકો તણાયા હતા. જેમાં એકનું મોત થયું હોવાના અહેવાલ છે. જ્યારે અન્ય એકની શોધખોળ કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે

અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## Surengrangar – Gherkayde Khanan

સુરેન્દ્રનગરના થાન અને મૂળી તાલુકામાં ગેરકાયદે ખનન પ્રવૃતિ ઝડપી પાડી 85 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. ચોટીલા નાયબ કલેક્ટર દ્વારા દરોડા પાડી મુળી તાલુકામાં આસુન્દ્રાળી, દુધઈ અને ધોળિયા ગામના સીમાડે ચાલતી ગેરકાયદે ખનન પ્રવૃતિ ઝડપી પાડી હતી. તેવી જ રીતે થાનગઢના ભડુલા તળાવ વિસ્તારમાં ગેરકાયદે કાર્બોસેલનું ખનન કરતા લોકોને ઝડપી પાડયા હતા.ઘટના સ્થળેથી ચુમોતેર લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.આ અંગે નાયબ ક્લેક્ટર એચ ટી મકવાણાએ વધુ માહિતી આપી..

**(બાઈટ - એચ ટી મકવાણા (નાયબ ક્લેક્ટર ચોટીલા)**

. . . . . . . . . . .

## GUJARAT RAIN

રાજ્યમાં ચોમાસું જામ્યું છે. આજે સવારના 6 થી સાંજના 6 વાગ્યા સુધીમાં દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ સાથે રાજ્યના 176 તાલુકામાં વરસાદ પડ્યો છે. ખાસ કરીને આજે દક્ષિણ ગુજરાતમાં 11 તાલુકામાં અઢી ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં સૌથી વધુ છ ઇંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે સુરતના બારડોલી અને ડાંગના સુબીર તાલુકામાં પોણા પાંચ ઇંચ વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્રની વાત કરવામાં આવે તો, ભાવનગર જિલ્લાના વલભીપુરમાં ચાર ઇંચ અને તેમજ અમરેલીના બાબરામાં અઢી ઇંચથી વધુ વરસાદ પડ્યો છે.

આ સાથે રાજ્યમાં સિઝનનો 43 ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે.

જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો, રાજ્યના 29 જળાશય હાઇ એલર્ટ પર જ્યારે 17 એલર્ટ પર છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં 259 માર્ગ બંધ કરાયા છે.

દરમિયાન ભાવનગરના શેત્રુંજી ડેમ ઓવરફ્લો થતાં ડેમના 20 દરવાજા એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે. જેને પગલે નિચાણવાળા 17 ગામોને એલર્ટ કરાયા છે.

. . . . . . . . . . .

# RAIN DISTRICT

તાપી જિલ્લામાં ભારે વરસાદને પગલે મીંઢોળા નદી પર આવેલ ડોસવાડા ડેમમાં 3 હજાર 800 ક્યુસેક પાણીની આવક થઈ છે. હાલ ડેમ

ઓવરફ્લો થતા મીંઢોળા નદી બે કાંઠે વહી રહી છે જેને પગલે કાંઠા વિસ્તારના લોકોને એલર્ટ કરાયા હતા. બીજી તરફ વ્યારા તળાવના બે દરવાજા ખોલાયા છે. નિઝર તાલુકાના ખેરવા ગામે વરસાદી પાણી ભરાતા બે મકાનોની દીવાલ ધરાસાઈ થતાં દબાઈ ગયેલા યુવકને બચાવી લેવાયો છે.

કચ્છના ધોળાવીરામાં ભારે વરસાદને પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે.

ભરૂચ શહેરમાં ભારે વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. વરસાદ વચ્ચે ડભોયાવાડ વિસ્તારમાં ગટર ઉભરાતા પ્રદૂષિત પાણી માર્ગ પર ફરી વળ્યું હતું.

દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં સર્વત્રિક વરસાદના પગલે ઈડરીયા ગઢના ધોધ જીવંત બન્યા છે.

નવસારી જિલ્લામાં પૂર્ણા નદી ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે.ભારે વરસાદને પગલે જિલ્લાના 81 રસ્તા વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા હતા..

. . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 5 દિવસ ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યાઅનુસાર સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી બે દિવસ અતિ ભારે વરસાદની શક્યતા છે. આજે દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ

જણાવ્યું હતું કે હાલમાં ત્રણ સિસ્ટમ સક્રિય થવાને કારણે રાજ્યભરમાં ભારે વરસાદની આગાહી છે.

(બાઇટ: પ્રદીપ શર્મા – વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)

. . . . . . . . . . .

# MOHRAM DISTRICT

રાજ્ય સહિત દેશભરમાં આજે આશુરા-એ-મોહરમ પર્વ ધાર્મિક શ્રધ્ધા સાથે મનાવવામાં આવી રહ્યો છે.આ દિવસ પૈગમ્બર મોહમ્મદના દોહિત્ર હઝરત ઈમામ હુસૈન અને તેમના શિષ્યોની શહાદતની યાદમાં મનાવાય છે,જેઓ સત્ય અને ન્યાય માટે કરબલામાં શહીદ થયા હતા. આ પ્રસંગે રાજ્યના વિવિધ સ્થળોએ તાજિયા જુલૂસ નીકળ્યા હતા.

જૂનાગઢમાં ચાંદીના તાજીયાનું જુલૂસ કાઢવામાં આવ્યું હતું.મુસ્લિમ તેમજ હિન્દુ મહિલાઓએ  દુધ ભરેલ ઘડાથી આ તાજીયાનું સ્વાગત કર્યું હતું.ઉલ્લેખનીય છે કે નવાબના સમયથી નીકળતા આ તાજિયા શ્રદ્ધાળુઓમાં વિશેષ મહત્વ ધરાવે છે. આ અંગે સૂફી સંત પીરઝાદા મુખ્તાર કાદરીએ આ માહિતી આપી

ખેડાના  નડિયાદમાં વિવિધ સ્થળોએ મોહરમની આગલી રાતે તાજીયા મૂકી શહીદોની યાદમાં માતમ મનાવવામાં આવ્યું હતું.આજે શહેરમાં નીકળેલા તાજીયાના જુલુસ દરમિયાન લોકો દ્વારા પુષ્પ વર્ષા કરવામાં આવી હતી.

નવસારી જિલ્લામાં વિવિધ સ્થળોએ વરસતાં વરસાદ વચ્ચે તાજીયા ઝુલુસ નીકળ્યાં હતા.ગણદેવીની વેગણિયા નદી, બીલીમોરાની

અંબિકાનદી, ચીખલીની કાવેરીડી, અને ખેરગામની ઔરંગા નદીના ઓવારે તાજિયા ઠંડા કરાયા હતા.

ગીર સોમનાથના વેરાવળમા તાજીયા ઝૂલૂસના સમગ્ર રુટ પર કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુથી ડ્રોન કેમેરાની મદદથી સમગ્ર વિસ્તારનુ સર્વેલન્સ કરાયું હતું.

આણંદ શહેરમાં જુના દાદર સહિત 35 સ્થળોએથી તાજિયાનાં જુલુસ નિકળ્યા હતા. જુલુસના પ્રસ્થાન પૂર્વે અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકો માટે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપી તેમના માટે દુઆ કરવામાં આવી હતી.

. . . . . . . . . . .